# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM VIRAMGAM LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ જિલ્લાના માંડલ ખાતેથી વિરમગામ વિધાનસભા વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગના અંદાજે 497 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું, દરેક ક્ષેત્રમાં ગુજરાત આજે ગ્રોથ એન્જિન બન્યું છે. નવા વર્ષના પહેલા જ દિવસે આ વિકાસકાર્યોથી વિરમગામ માટે આજનો દિવસ વિકાસ ઉત્સવ બન્યો છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

આ પહેલા શ્રી પટેલે માંડલમાં ખંભલાય માતાના મંદિરમાં દર્શન કર્યાં હતા.

. . . . . . . . . . . . .

# FLOWER SHOW AMD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 14-મા આંતર-રાષ્ટ્રીય ફ્લાવર શૉનો પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે આગામી 22 જાન્યુઆરી સુધી યોજાનારા આ શૉમાં બનાવાયેલા વિવિધ ઝૉનની મુલાકાત લઈ વિવિધ આકર્ષણ નીહાળ્યા. તેમણે “સ્ત્રી

સશક્તિકરણ”ની વિષયવસ્તુ પર તૈયાર કરાયેલા સ્કલ્પચર એટલે કે, શિલ્પકળાનું અનાવરણ કર્યું.

ફ્લાવર શૉમાં વિશેષ ઑડિયો ગાઈડ બનાવાયા છે. તેમાં વિવિધ સ્થળ પર ક્યૂઆર કૉડ સ્કેન કરી ફૂલ, સ્કલ્પચર અને ઝૉન અંગેની માહિતી મેળવી શકાશે. ફ્લાવર શૉમાં મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર પ્રવેશ દર 80 રૂપિયા, તો શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસે આ દર 100 રૂપિયા રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# MEHSANA CM PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મહેસાણામાં અંદાજે 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મહેસાણાને મહાનગરપાલિકા તરીકે એક વર્ષ પૂર્ણ થવા નિમિત્તે જિલ્લાના નગરગૃહ ખાતે મુખ્યમંત્રી આ વિકાસકાર્યોની ભેટ આપશે તેમ અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરીએ જણાવ્યું.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR GUIDELINES

રાજ્યના શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના આપઘાતના વધતા કિસ્સાને લઈ વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી માનસિક સ્વાસ્થ્ય નીતિ લાગુ કરવાની જાહેરાત કરી છે. ત્યારે છોટાઉદેપુરની શાળા અને

મહાવિદ્યાલયોમાં વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રકારના ગંભીર પગલાં ન લે તેવા પ્રયાસ હાથ ધરાયા છે. આ અંગે બોડેલીમાં આવેલી ટી. સી. કાપડિયા મહાવિદ્યાલયના આચાર્ય ડૉક્ટર હસમુખ કારોટે વધુ માહિતી આપી.

(BYTE: DR. HASMUKH KAROT, PRINCIPAL)

. . . . . . . . . . . . . .

# SURYA NAMASKAR DHYAN

નવા વર્ષ 2026ના પહેલા દિવસે રાજ્યમાં આજે એક લાખથી વધુ નાગરિકે સૂર્ય નમસ્કાર અને ધ્યાન ધરીને પ્રથમ સૂર્યકિરણને વધાવી. રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાનમાં રાજ્યના યુવાનોએ ભારતીય સંસ્કૃતિની શક્તિ બતાવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત રાજ્ય યોગ બૉર્ડના અધ્યક્ષ શિશપાલ સિંહ તેમાં વર્ચ્યૂઅલ જોડાયા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ તંદુરસ્ત શરૂઆત યુવાનોની પ્રગતિ અને સ્વાસ્થ્ય માટે આશીર્વાદરૂપ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. ગુજરાત રાજ્ય યોગ બૉર્ડની યુ-ટ્યૂબ ચેનલ પર આ કાર્યક્રમના જીવંત પ્રસારણમાં એક લાખથી વધુ નાગરીકે પોતાના ઘરે, અગાશી કે નજીકના બગીચામાંથી ઑનલાઈન જોડાઈ સૂર્ય નમસ્કાર કર્યા હતા.

. . . . . . . . . . . . . .

# AMD BORIWALI TRAIN CANCEL

અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ ટ્રેન આગામી 17 જાન્યુઆરી સુધી આંશિક રીતે રદ રહેશે. કાંદિવલી-બોરીવલી વિભાગ પર છઠ્ઠી લાઈનના કામને પૂર્ણ કરવા માટે 18 જાન્યુઆરી સુધી બ્લૉક લેવાયો છે. તેના કારણે આ ટ્રેન આંશિક રદ રહેશે. અમદાવાદથી ઉપડનારી અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર આગામી 17 તારીખ સુધી શૉર્ટ ટર્મિનેટ રહેશે.

જ્યારે 18 જાન્યુઆરી સુધી બોરીવલીથી ઉપડનારી બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડથી શૉર્ટ ઑરિજિનેટ એટલે કે રવાના થશે. એટલે આ ટ્રેન બોરીવલી અને વસઈ રોડ વચ્ચે આંશિક રદ રહેશે તેમ રેલવેની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# AAVAS KRANTI

રાજ્યમાં આ વર્ષે 93 હજાર સહિત ગત ત્રણ વર્ષમાં બે લાખ 58 હજારથી વધુ લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ઘર મળ્યું છે. લાભાર્થીને એક લાખ 20 હજારની તબક્કાવાર સહાય અને રૂફ કાસ્ટ તબક્કે વધારા 50 હજાર રૂપિયાની સહાય અપાય છે. જ્યારે પ્લોટવિહોણા અંદાજે ત્રણ હજાર પરિવારને વધારાની એક લાખ રૂપિયાની સહાયની જોગવાઈ પણ આ યોજના હેઠળ છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# RAN KI VAV PATAN

વર્ષ 2025માં બે લાખ 15 હજાર 755 પ્રવાસીએ પાટણની પ્રસિદ્ધ રાણ કી વાવની મુલાકાત લીધી. તેના કારણે પુરાતત્વ વિભાગને પ્રવાસીઓ પાસેથી 99 લાખ 40 હજાર 600 રૂપિયાની આવક થઈ છે. જોકે, વર્ષ 2024ની સરખામણીએ વર્ષ 2025માં પ્રવાસીઓની સંખ્યા અને આવકમાં ઘટાડો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, સાત માળની અદભૂત રાણકી વાવ તેની અદભૂત શિલ્પકળા અને કોતરણી માટે વિશ્વવિખ્યાત છે.

. . . . . . . . . . . . .